**<u>સમરી નં.૧/૨૦૨૫</u>**

## :: આંક–૧ અને આંક–૪ લગત સંયુકત હુકમ ::

(૧) બજાણા પો.સ્ટે.ધ્વારા ગુ.ર.નં. ૧૧૨૧૧૦૫૮૨૫૦૨૦૩/૨૦૨૫ ના કામે સી–સમરી ભરવામાં આવેલી હતી. સદર સમરી ભરવાના કારણમાં ત.ક.અમલદારશ્રી ધ્વારા જણાવવામાં આવેલ છે કે, આ કામના ફરીયાદીએ આપેલ ફરીયાદ મુજબ ફરીયાદ હકીકત સાચી છે, પણ હકીકતની ભુલના કારણે ફરીયાદ આપેલ છે તેમજ ફરીયાદને સમર્થન આપતાં કોઈ સચોટ પુરાવા ના હોઈ તેમજ તપાસના કામે ઈજા પામનારની સારવાર કરનાર ડોકટરશ્રી તેમજ બનાવવાળી જગ્યાનું તથા પોલીસ ધ્વારા રેડ સમયે ઉપયોગમાં લીધેલ ખાનગી વાહનનું પરીક્ષણ કરનાર તથા સ્થળ પરીક્ષણ કરનાર એફ.એસ.એલ. અધિકારી તેમજ લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો વિગેરે લેવામાં આવેલા છે અને આ તમામનો ઉંડાણપુર્વક અભ્યાસ કરતાં સદરહું ફરીયાદ ફરીયાદી તથા સાહેદની હકીકતની ભુલના કારણે કરેલાનું તપાસ દરમિયાન જણાઈ આવેલ છે. જે આધારે બજાણા પો.સ્ટે. વર્ગ (સી) પડતર સમરી નં.૭/૨૦૨૫, તા.૧૭/૦૭/૨૦૨૫ થી ભરી અત્રેની કોર્ટમાં જમા કરાવવામાં આવેલ છે.

(૨) હાલની સમરી અનુસંધાને મુળ ફરીયાદીને નોટીસ કાઢવામાં આવેલ હતી અને જે નોટીસ તેઓને બજી જતાં તેઓએ આંક–૪ થી સદર સમરીના વિરૂધ્ધમાં પ્રોટેસ્ટ પીટીશન/વાંધા રજુ રાખેલા છે. જેમાં તેઓ જણાવે છે કે, આ કામના આરોપીઓ પોલીસ કર્મીઓ હોઈ, તેમને ખોટી રીતે સપોર્ટ કરી આવા ગંભીર પ્રકારના ગુનામાં ખોટી રીતે અન્યાય થાય તે રીતે ''સી'' સમરી ભરેલ છે. તે તદ્દન ગેરન્યાયિક હોઈ સમરી કાઢી નાંખવી જોઈએ. આ કામમાં પોલીસ કર્મીઓ ધ્વારા પોતાની પાસે રહેલ સરકારી બંદુકથી છાતીમાં ગોળી મારતાં ફરીયાદીના જમાઈ તથા ભાણેજનું મોત નીપજાવી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરેલ હોઈ, જે અંગેની ફરીયાદ તા.૨૯/૦૫/૨૦૨૫ના રોજ નામ. કોર્ટના હુકમથી દાખલ થયેલી. વધુમાં, તેઓ જણાવે છે કે, આ અગાઉ પણ હાલના

ફરીયાદી સાથે ભેદભાવ થયેલ અને ફરીયાદી તથા તેમના પરીવારના લોકો એફ.આઈ.આર. દાખલ કરવા માટે ચાર વર્ષથી સતત ધકકાઓ ખાતા રહેલા અને અંતે નામ. કોર્ટના હુકમથી ફરીયાદ દાખલ કરવા હુકમ થયેલો. પોલીસના તમામ અધિકારીઓ હાલના આરોપીઓને મદદ કરવા કોઈ પણ કસર છોડતાં ન હતા. આ કામના તપાસ કરનાર અધિકારીએ તથા અન્ય અધિકારીઓએ પોલીસ કર્મીઓને બચાવવા માટે ખોટી તપાસ કરેલ છે. આ કામના ત.ક.અધિકારી ધ્વારા મનસ્વી રીતે સાક્ષીઓના નિવેદનો નોંધવામાં આવેલા છે અને જયારે પોલીસ ધ્વારા મર્ડર જેવા ગંભીર ગુના આચરવામાં આવેલા હોય અને નામ. કોર્ટે ડાયરેકશન આપી હાલની ફરીયાદ નોંધવા માટે હુકમ કરેલ હોય, તો તેવા સંજોગોમાં પોલીસનો ફાયનલ રીપોર્ટ (સી–સમરી) નકારી દેવી જોઈએ. વધુમાં, તેઓ અરજ કરે છે કે, સી.આર.પી.સી.ની કલમ–૧૯૦, ૨૦૦ તથા ૧૫૬ (૩) મુજબ કોર્ટ પાસે ફાયનલ રીપોર્ટ નકારવાનો તેમજ ફરી તપાસ, ફર્ધર ઇન્વેસ્ટીગેશન અથવા તો સીધું જ કોગ્નીઝન્સ લઈ આગળ વધી કેસ ચલાવવાનો અધિકાર છે. જેથી હાલની સી–સમરી રીજેકટ કરવા અરજ કરેલી છે.

(૩) મુળ ફરીયાદીના વિ.વ.શ્રી.ને સાંભળ્યા. રજુ થયેલી ઓથોરીટીઝ વંચાણે લીધી અને તમામ રેકર્ડ વંચાણે લીધું. હાલના કામે મુળ ફરીયાદી હનીફાબેન બિસ્મીલ્લાખાન જતમલેક ધ્વારા આ કામના આરોપી નં.(૧) વિરેન્દ્રસીંહ જાડેજા, (૨) રાજેશભાઈ સવજીભાઈ, (૩) શૈલેષભાઈ પ્રહલાદભાઈ, (૪) કિરીટભાઈ ગણેશભાઈ, (૫) દિગ્વિજયસીંહ હરદીપસીંહ, (૬) પ્રહલાદભાઈ પ્રભુભાઈ, (૭) મનુભાઈ ગોવિંદભાઇનાઓ વિરૂધ્ધ તેઓના જમાઇ હનીફખાન મલેક ઉર્ફે કાળો મુન્નો અન્ય ગુનામાં વોન્ટેડ હોઈ, તેઓના ઘરેથી પકડી પાડેલ અને તે દરમિયાન મદીનખાન ત્યાં આવી જતાં બોલાચાલી થતાં આ કામના આરોપી નં.૧નાએ તેઓની પાસે રહેલ સરકારી બંદુકથી બંનેને છાતીમાં ગાળી મારી બંનેનું મૃત્યુ નીપજાવી અને આરોપી નં.૨ થી ૭ નાઓએ આ ગુનામાં એકબીજાની મદદગારી કરેલ છે, તેવી ફરીયાદ બજાણા પો.સ્ટે.માં ગુ.ર.નં.૧૧૨૧૧૦૫૮૨૫૦૨૦૩/૨૦૨૫ થી તા.૨૯/૦૫/૨૦૨૫ના રોજ પાટડી કોર્ટના હુકમ આધારે દાખલ કરેલ છે. સદર ગુનાને લગત તમામ સાહેદોના નિવેદનો તેમજ દસ્તાવેજો વંચાણે લીધા.

(૩.૧) સૌપ્રથમ આ કામે સાહેદ સુહાનાબેન હનીફખાનનું નિવેદન જોવામાં આવે તો તેઓ ફરીયાદીની ફરીયાદને પુર્ણત સમર્થન આપે છે. આ કામે સૌથી મહત્વપુર્ણ નિવેદન મરણજનારના ઘરની સામે રહેતા અબ્દુલખાન અલુભાઈ મોતીભાઈ સિપાઇનાઓનું છે કે, જેઓ હાલના ગુનાના કામે નજરે જોનાર સાહેદ છે. તેઓ પોતાના નિવેદનમાં જણાવે છે કે, ‘આ બનાવ બનેલ તે દિવસે રાત્રીના નવ – દશ વાગ્યાના અરસામાં લાઇટ ગયેલી હતી, જેથી હું એકલો મારા ઘરના ધાબા ઉપર જઇને બેઠો હતો. તે વખતે અમારા ઘરની સામે રહેતો હનીફખાન ઉર્ફે કાળો મુન્નો તેના ડેલા બહાર પડેલ ટ્રેકટરમાં ડીઝલ નાંખતો હતો, તે વખતે શેરીમાં એક સફેદ કલરની ગાડી આવેલી હતી અને તેમાંથી ત્રણ – ચાર માણસો ઉતરેલા અને હનીફખાન ઉર્ફે કાળા મુન્નાને પકડવા જતાં, હનીફખાન એકદમ તેના ડેલામાં જતો રહેલ જેથી ગાડીમાંથી ઉતરેલ માણસો પોલીસવાળા હોવાનું મને લાગેલ જેમાં એક જાડેજા સાહેબને હું ઓળખી ગયેલ બીજા પોલીસવાળાને હું ઓળખતો ન હતો અને હનીફખાને તેના ડેલાનો દરવાજો અંદરથી બંધ કરવા જતાં આ પોલીસના માણસોએ બહારથી ડેલાના દરવાજાને ધકકો મારી ખોલવાનો પ્રયત્ન કરતા હતા અને થોડી વારમાં આ માણસો ડેલાની અંદર ગયેલા અને હનીફખાન ઉર્ફે કાળા મુન્નાને પકડીને બહાર લાવીને બહાર પડેલ ગાડીમાં બેસાડવા જતા હતા તે વખતે મે બે વખત ફાયરીંગનો અવાજ સાંભળેલ અને આ પોલીસવાળા હનીફખાન ઉર્ફે કાળા મુન્નાને ગાડીમાં બેસાડતા હતા તે વખતે આ હનીફખાનનો દિકરો મદીન હાથમાં ધારીયું લઇને આવેલ અને સીધો ગાડી પાસે ગયેલ જાડેજા સાહેબ હારે તેના પપ્પાંને છોડાવવા રકઝક કરતો હતો તેવામાં સાહેબ કહેતા હતા કે તારા બાપા છુટી જશે તું માથાકુટ કર મા તેમ કહેવા છતાં પણ મદીન માનતો ન હતો અને તેવામાં મદીન ગાડીના બોનેટ પાસે જતાં જાડેજાસાહેબે તેની પાસે આવી તેને સીધી ગોળી મારી દીધેલ હતી અને પછી બીજી ગોળી હનીફખાન ઉર્ફે કાળા મુન્નાને મારી દીધી હતી અને પોલીસના માણસો ગાડી મુકીને ત્યાંથી જતા રહેલા હતા આ વખતે હનીફખાનને તથા તેના દિકરા મદીનને ઈજા થયેલ હોવાથી ગામના માણસો આવી ગયેલ હોય તે આ બંનેને દવાખાને લઈ ગયેલા હતા અને ત્યારબાદ આજુબાજુમાંથી માણસો ભેગાં થયેલા હોય જેથી હું પણ મારા ઢાબા ઉપરથી નીચે ગયેલ હતો અને શેરીમાં ગયેલ હતો ત્યારે શેરીમાં પડેલ પોલીસવાળાની સફેદ કલરની ગાડી પડી હતી જેમાં મે જોયેલ તો આગળની સીટ પાસે નીચેના ભાગે એક બંદુક પડેલ હતી અને પછી હું આ હનીફખાનના ઘરે જતાં તેના મમ્મી હવાબેન એકલા હાજર હતા અને આ હનીફખાનની પત્ની બિલકીશ જેલમાં હતી અને તેની દિકરી પણ ઘરે ન હતી ત્યારબાદ મોડી રાત્રે પોલીસની ગાડીઓ

આવેલી અને આ સફેદ કલરની ગાડી પોલીસ મુકી જતી રહેલી હતી તે ગાડી તેઓ ક્રેન સાથે બાંધીને લઇ ગયેલા હતા અને આ પોલીસની સફેદ કલરની ગાડીમાં કોણે તોડફોડ કરેલ હતી તેની મને ખબર નથી અને આ બનાવ વખતે હું મારા ઘરના ઢાબા ઉપર લાઇટ ગયેલ હોય જેથી બેઠો હતો હું આ બનાવ વખતે નીચે ઉતરી મારા ઘર બહાર ગયેલ ન હતો અને બનાવ બની ગયા બાદ માણસો ભેગાં થતાં હું મારા ઘરના ઢાબા ઉપરથી નીચે ઉતરી બહાર આવેલ હતો તેમ છતાં કોઈકે મારૂ નામ જણાવતાં પોલીસે મારા ઉપર ફરીયાદ દાખલ કરેલ હતી અને મને તેમાં અટક કરેલ હતો અને હું ૧૮ દિવસ જેલમાં રહેલ હતો, હાલે હું જામીન ઉપર છુટેલ છું આથી હું કંઇ જાણતો નથી કે બીજું કંઇ કહેવા માંગતો નથી.'

(૩.૨) ત્યારબાદ ડોકટર શ્યામલાલ કવલધારી રામનાઓના સ્ટેટમેન્ટ જોવામાં આવે તો તેઓ તેમના નિવેદનમાં એવી હકીકત જણાવે છે કે, '...તમામની પ્રાથમિક તપાસ અને પુછપરછ કરતાં તેઓએ જણાવેલ કે ગેડીગા ગામ ખાતે આરોપીને પકડવા જતા આરોપીઓ તથા તેના મળતીયાઓએ હુમલો કરતાં ઈજા થયેલ છે અને અમો કામલપુર/કચોલીયા બાજુથી ભાગીને આવેલ છીએ તેવું જણાવેલ અને તમામની બોડી લેગ્નવેજ તથા માનસિક સ્થિતિ ઉપરથી પ્રાથમિક દૃષ્ટિએ જોતાં પી.એસ.આઇ.જાડેજા સાહેબ તથા તેમની સાથે આવેલ પોલીસ કર્મચારીઓ ઉપર જાનલેવા હુમલો થયેલાનું સ્પષ્ટ જણાતું હતું અને તમામ પોલીસ કર્મચારીઓ ગભરાયેલ હાલતમાં હતા અને બધાંને નાની મોટી ઈજાઓ થયેલ હોય .... ત્યારબાદ મે પી.એસ.આઇ. વિરેન્દ્રસીંહ નવલસીંહ જાડેજાને તપાસેલા જેઓને ખભાના પાછળની ડાબી બાજુની સાઈડે નીચેના ભાગે તીક્ષ્ણ હથીયારની ઈજા થયેલ હતી જે ઈજા ૧૫.૨૦ સે.મી. લંબાઇ તથા ૧ સે.મી. પહોળાઇ તથા ૦.૭૫ સે.મી. ઉંડો ઘા હતો અને લોહી નીકળેલ હતું અને ગંભીર ઈજા હોય જેથી ટાંકા લીધેલા હતા તેમજ ડાબા હાથના કોણીના ભાગે ૪ સે.મી. જેટલું છોલાયેલ હતું' આ સિવાયના તમામ પોલીસકર્મીઓને મુઢ ઈજાઓ થયેલ હોવાની હકીકત તેઓ પોતાના નિવેદનમાં જણાવે છે.

(૩.૩) તેમના નિવેદન સાથે વિરેન્દ્રસીંહ નવલસીંહ જાડેજાના એમ.એલ.સી. નં.૪૬૬/૨૦૨૧ પણ રજુ કરવામાં આવેલ છે, જેમાં નેચર ઓફ ઈન્જરી આગળ કંઇ લખેલ નથી. વધુમાં, તા.૦૮/૧૨/૨૦૨૧ના રોજના વિરેન્દ્રસીંહ નવલસીંહ જાડેજાને ડોકટર દર્શનસીંહ પઢીયારનાઓ ધ્વારા આપવામાં આવેલ સર્ટી. નં.૨૮/૨૦૨૧ રજુ

કરવામાં આવેલ છે. જેમાં પણ ઈજાના પ્રકાર 'સીમ્પલ' જણાવવામાં આવેલ છે. આ સિવાય અન્ય તમામ પોલીસ અધિકારીઓના ડોકટર શ્યામલાલ કવલધારી રામ ધ્વારા આપવામાં આવેલ એમ.એલ.સી. સર્ટી.માં ઈજાઓના પ્રકાર જણાવવામાં આવેલા નથી. આમ, રેકર્ડ ઉપર ઉપલબ્ધ મેડીકલ પુરાવા પરથી કહી શકાય કે, મરણ જનાર ધ્વારા પોલીસ કર્મીઓ ઉપર જીવલેણ હુમલો કરવામાં આવેલ ન હતો.

(૩.૪) ત્યારબાદ હાલના કામમાં જણાવેલા મુખ્ય આરોપી વિરેન્દ્રસીંહ જાડેજાનું નિવેદન જોવામાં આવે તો તેઓ પોતાના નિવેદનમાં જણાવે છે કે, 'અમો કચોલીયા/કમાલપુર થઈ કલાક ૨૦:૧૦ વાગ્યાની આસપાસ ગેડીયા ગામે હનીફખાન ઉર્ફે કાળા મુન્નાના ઘર પાસે શેરીમાં પહોંચતા તે તેના ઘરના ડેલા બહાર એક ટ્રેકટર પડેલ તેના લાઇટના અજવાળે ઉભેલ જોવામાં આવેલ જેથી કીરીટભાઈને ગાડી બ્રેક મારવાનું કહી તુરત જ હું ગાડીનું બારણું ખોલી નીચે ઉતરતાં આ કાળો મુન્નો અમને જોઇ જતાં તે તેના ઘરના ડેલામાં ભાગેલ જેથી હુ પણ દોડીને તેના ઘરના ડેલા પાસે પહોંચી ગયેલ ત્યારે તે અંદરથી ડેલો બંધ કરવા કોશિશ કરતો હોઇ જેથી મે બહારથી ધકકો મારી રાખેલ તેવામાં અમારા સાથેના મનુભાઈ તથા દિગ્વિજયસીંહ પણ મારી પાછળ પાછળ દોડીને આવી ગયેલ હોય અને અમો બધાં બહારથી ડેલાને ધકકો મારી ડેલો ખોલવા પ્રયત્ન કરતા હતા અને કાળો મુન્નો અંદરથી ડેલાને ધકકો મારી ડેલો બંધ કરવા પ્રયત્ન કરતો હતો જેથી મે કહેલ કે ડેલો ખોલી નાંખ તારે ભાગવાનો કોઇ રસ્તો નથી બહાર આવી જા તેવામાં અમારી સાથેના કીરીટભાઈ પણ અમારી પાસે આવી ગયેલ અને આ કાળો મુન્નો તેના દિકરા મદીનખાનનું નામ લઈ કહેતો હતો બધાંને બોલાવી લે આજે જોઇ લઇએ, તેમ રાડો પાડતાં પાડતાં તેના ઘરના ડેલા અંદરથી ફાયરીંગનો એકાએક અવાજ આવેલ જેથી અમો બધાંએ જોશથી ડેલાને ધકકો મારેલ જેથી ડેલો ખુલી ગયેલ અને જોયું તો કાળા મુન્નાના હાથમાં પીસ્તલ હતી જેથી મે તેને તુરંત જ પાછળથી બંને હાથ સહિત બાથ ભરી લીધેલ અને સાથેના પોલીસ સ્ટાફને તેના હાથમાંથી પીસ્તોલ છોડાવવા જણાવેલ જેથી સ્ટાફના માણસો પીસ્તોલ છોડવવા મથતાં હતા અને તેવામાં અમારી સાથેના રાજેશભાઈ તથા શૈલેષભાઈ તથા ભરતભાઈ પણ આવી ગયેલા હતા જેથી મે કહેલ કે, જલ્દી આને ખેંચીને ગાડીમાં લઇ લો તેમ કહી અમે બધાં તેને ગાડી તરફ લઇ જવા ઘરની બહાર કાઢતાં હતા તેવામાં તેના હાથમાંની પીસ્તલમાંથી એક રાઉન્ડ ફાયરીંગ કરેલ જે મારા તથા તેના પગ વચ્ચે જમીન ઉપર ફાયરીંગ થયેલ જે કોઇને વાગેલ નહી પછી અમો બધાં તેને ગાડી તરફ લઇ ગયેલ અને તેના હાથમાંની

પીસ્તલ છોડાવવા સાથેના પોલીસ સ્ટાફના માણસો પ્રયત્ન કરતાં પણ તેણે તેના હાથમાં પીસ્તલ મજબુત પકડેલ હોય જેથી છુટતી ના હોય જેથી પીસ્તલ સાથે તેને ગાડી તરફ લઇ જતાં હતા તેવામાં આ કાળા મુન્નાએ રાડેરાડ કરી તેના માણસોને બોલાવવા કહેલ હોય જેથી ધીમેધીમે આજુબાજુના માણસોનું ટોળુ ભેગું થવા લાગેલ હોય જેથી મે કીરીટભાઈને ગાડી ચાલુ કરવાનું કહેલ અને દિગ્વિજયસીંહને ગાડીનો દરવાજો ખોલવાનું કહેલ અને અમો બધાં ઝડપથી આ મુન્નાને ગાડી તરફ લઇ ગયેલા હોય અને ગાડીની પાછળની સીટમાં ખાલી સાઇડથી નાંખવાની કોશિશ કરતા હતા પરંતુ તે તેના પગથી લાગ કરી ગાડીમાં કોઇ હિસાબે બેસતો ના હોય આ દરમિયાન ધીમેધીમે ટોળુ વધવા લાગેલ હોય જેથી મે સાથેના દિગ્વિજયસીંહને ગાડીમાં તેને ખેંચવા કહેલ અને અમો આ કાળા મુન્નાને ગાડીમાં નાંખવા પ્રયત્ન કરતા તેવામાં અચાનક મારા વાંસાના ભાગે એક તીક્ષ્ણ હથીયારનો ઘા વાગેલ જેથી મે પાછળ ફરી જોયુ તો આ કાળા મુન્નાનો દિકરો મદીનખાન હતો અને તેના હાથમાં ધારીયુ હતુ તે ધારીયાનો મને વાંસામાં એક ઘા કરેલ હતો જેથી મને વાંસાના ભાગે લોહી નીકળવા લાગેલ અને અમારી ઉપર બીજો ઘા કરેલ તે પહેલાં અમારી સાથેના દિગ્વિજયસીંહ તથા કીરીટભાઈ ગાડીમાંથી ઉતરી આ મદીનખાનને પકડવા જતાં તેને તેના હાથમાંનુ ધારીયું કીરીટભાઈને મારી નાંખવાના ઈરાદે તેઓના માથા ઉપર ઘા કરતાં કીરીટભાઈએ તેઓનો હાથ વચ્ચે નાંખતા તેઓને હાથમાં ધારીયું વાગેલ જેથી મે કાળા મુન્નાને સાથેના માણસોને હાથ સહિત પકડી રાખવા કહી હુ આ કીરીટભાઈ તથા દિગ્વિજયસીંહનો જીવ બચાવવા જતાં મદીનખાનને પકડવા જતાં તેને સીધો તેના  હાથમાંના ધારીયાનો ઘા મને મારી નાંખવાના ઈરાદે મારા માથા ઉપર ઘા કરવા ધારીયું ઉગામેલ જેથી મે મારો તથા સાથેના પોલીસ કર્મચારીઓનો જીવ બચાવવાના ઈરાદે મારી પાસેની સરકારી પીસ્તલમાંથી એક રાઉન્ડ ફાયર કરેલ જે મદીનખાનને શરીરના આગળના ભાગે વાગેલ જેથી તે નીચે પડી ગયેલ જેના કારણે હનીફખાન ઉર્ફે કાળા મુન્નાને જે પોલીસ સ્ટાફના માણસોએ પકડેલ હતો તેના હાથમાંથી છુટવાનો પ્રયત્ન કરતો હોય, અને તેના હાથમાં પીસ્તલ પણ હોય, જેથી તુરંત જ હું તથા કીરીટભાઈ તથા દિગ્વિજયસીંહનાઓ સ્ટાફે કાળા મુન્નાને પકડેલ હોય તેમની પાસે જઇ આ કાળા મુન્નાને સ્ટાફ સાથે મજબુત રીતે પકડી ગાડીમાં બેસાડવા પ્રયત્ન કરતાં હતા અને જેમ તેમ કરી કાળા મુન્નાને ગાડીમાં અડધો નાંખેલ હતો તેવામાં ત્યાં ભેગાં થયેલા ટોળાંના માણસો હાથમાં ધારીયા, લાકડી, પાઇપ જેવા હથીયાર હોય, આ બધાં આ કાળા મુન્નાને છોડાવવા સારૂ અમો બધાં પોલીસ ઉપર તથા ગાડી ઉપર તુટી પડેલા અને આડેધડ હથીયારોના ઘા મારવા લાગેલા અને અમારી આ

કાળા મુન્ના ઉપરની પકડ ઢીલી પડતાં તેના હાથ છુટી જતાં તેને તેના હાથમાં રહેલી પીસ્તલ સીધી જ મારી સામે તાકીને મને જાનથી મારી નાંખવા એક રાઉન્ડ મારા ઉપર ફાયર કરેલ જેથી હું ખસી જતાં મને ગોળી વાગેલ નહી અને આ કાળો મુન્નો મારા ઉપર કે સાથેના પોલીસ ઉપર બીજું ફાયરીંગ કરે તે પહેલાં મે મારો તથા સાથેના તમામ પોલીસ સ્ટાફનો જીવ બચાવવા મારી સરકારી પીસ્તલમાંથી એક રાઉન્ડ ફાયર કરતાં આ કાળા મુન્નાના છાતીના ભાગે વાગેલ જેથી મે તુરંત જ સ્ટાફના માણસોને કહેલ કે આને આખો અંદર ખેંચી લો આપણે આમને દવાખાને લઇ જઇએ તે વખતે કાળા મુન્નાના હાથમાં રહેલી પીસ્તલ ગાડીમાં શીટ પાસે પડી ગયેલ હતી અને સ્ટાફના માણસોએ કાળા મુન્નાને ગાડીમાં ખેંચી લીધેલ અને અમો મદીનખાનને દવાખાને લઇ જવા સારૂ લેવા જઇએ તે પહેલાં આ ટોળું એકદમ ઉગ્ર બની ગયેલ અને અમારા ઉપર તથા ગાડી ઉપર આજે એકેય પોલીસવાળો જીવતો ન જવો જોઇએ તેમ કહી હથીયારો સાથે તુટી પડેલ જેથી હું ટોળામાંના કાળા મુન્નાના સાસુ હનીફાબેન તથા તેનો સાળો ઇસ્માઇલખાન તથા તેની મા હવાબેન તથા કાળા મુન્નાના પાડોશી અમીનખાન શાર્દુલખાન તથા અબ્દુલભાઈ અલુભાઈ તથા તેઓની સાથે પંદરેક બીજા માણસો કે જેઓના નામની મને ખબર નથી તેઓએ સમજાવવા પ્રયત્ન કરેલ પણ આ લોકો કાંઇ સાંભળવા તૈયાર ન હતા અને અમારા ઉપર હુમલો ચાલુ રાખેલ....’

(૩.૫) આમ, વિરેન્દ્રસીંહ નવલસીંહ જાડેજાનાઓના પોતાના નિવેદન પરથી સ્પષ્ટ થાય છે કે, આ બનાવમાં તેઓને કે તેમના સાથેના પોલીસ કર્મચારીઓ ઉપર એવા પ્રકારનો હુમલો કરવામાં આવેલ નથી કે જેથી તેઓને જીવલેણ ઇજાઓ થઇ શકે અને તેના બચાવમાં તેઓએ ફાયરીંગ કરવું પડે. વધુમાં, વિરેન્દ્રસીંહ નવલસીંહ જાડેજા પોતાના નિવેદનમાં જણાવે છે કે, તેઓએ એક રાઉન્ડ ફાયર કરેલ, જે મદીનખાનને શરીરના આગળના ભાગે વાગેલ અને તેઓએ સદર ફાયરીંગ પોતાના તેમજ સાથી કર્મીઓનો જીવ બચાવવા માટે કરેલ હતું તેવું જણાવેલ છે. પરંતુ, હાલના તબકકે આરોપી વિરેન્દ્રસીંહ ધ્વારા ફાયરીંગ કરેલ હોવાનું તેમજ ફાયરીંગથી હનીફખાન ઉર્ફે કાળો મુન્નો તેમજ મદીનખાનનું મૃત્યુ નીપજેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે રેકર્ડ પર આવે છે અને આ હકીકત રેકર્ડ પર ઉપલબ્ધ પી.એમ.રીપોર્ટ તેમજ ઇન્કવેસ્ટ પંચનામા ઉપરથી સ્પષ્ટપણે જણાઇ આવે છે. જયારે આક્ષેપિત ફાયરીંગનું કૃત્ય સ્વબચાવમાં કરેલ કે કેમ, તે પુરાવાનો વિષય ગણી શકાય. કારણ કે, ભારતીય દંડ સંહિતમાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ સ્વબચાવનું કૃત્ય અપવાદ છે. જે ટ્રાયલ ધ્વારા નકકી

થઈ શકે. આ સંજોગોમાં આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી હાથ ધરવા માટે પુરતા કારણો છે.

(૩.૬) વધુમાં, ડોકટર શ્યામલાલ કવલધારીનાઓની પોલીસે પુછપરછ કરેલી છે. જેમાં તેઓને પ્રશ્ન પુછવામાં આવેલ છે કે, જે તીક્ષ્ણ હથીયારથી પી.એસ.આઇ. જાડેજા સાહેબને બરડાના ભાગે ઈજા થયેલ હતી, તે તીક્ષ્ણ હથીયાર શરીરના અન્ય કોઈ ભાગે વાગે તો તેનાથી મૃત્યુ થવાની સંભાવના હતી ? જેના જવાબમાં તેઓ જણાવે છે કે, હા. જો તે તીક્ષ્ણ હથીયાર ગળાના ભાગે, માથાના ભાગે વાગેલ હોય તો મૃત્યુ થવાની સંભાવના ૧૦૦ % હતી. પરંતુ, કોઈ પણ પોલીસ કર્મીને ગળા કે માથાના ભાગે ઈજા થયેલ નથી.

(૩.૭) આમ, રેકર્ડ ઉપર ઉપલબ્ધ તમામ દસ્તાવેજી પુરાવા પરથી સ્પષ્ટ થાય છે કે, હનીફખાન તેમજ મદીનખાનની મૃત્યુ વિરેન્દ્રસીંહ નવલસીંહ જાડેજાનાઓની પીસ્તલમાંથી થયેલ ફાયરીંગના કારણે થયેલ છે અને વિરેન્દ્રસીંહ નવલસીંહ જાડેજાનાઓ ધ્વારા ફાયરીંગ પોતાના અને સાથેના પોલીસ કર્મચારીઓના જીવ બચાવવા માટે કરવામાં આવેલ હતુ તેવું રેકર્ડ ઉપરથી ફલિત થતું નથી. વધુમાં, કહેવાતો બનાવ સને ૨૦૨૧ના વર્ષનો છે અને પોલીસ ધ્વારા તમામ પુરાવા એકત્રીત કર્યા પછી હાલની 'સી' સમરી ફાઈલ કરવામાં આવેલ છે. આ સંજોગોમાં અત્રેની કોર્ટને આ કામમાં હવે કોઈ વધુ તપાસ કરવાની જરૂર જણાતી નથી. રેકર્ડ ઉપર રજુ થયેલા તમામ પુરાવા પરથી પ્રથમ દર્શનીય આ કામના આરોપીઓ વિરૂધ્ધ ઇ.પી.કો.ની કલમ–૩૦૨ તથા ૧૧૪ મુજબના ગુના અંગે કોગ્નીઝન્સ લેવા માટે પુરતા પુરાવા જણાઈ આવતાં હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) પોલીસ ધ્વારા દાખલ કરવામાં આવેલ 'સી' સમરી નામંજુર કરી, મુળ ફરીયાદી ધ્વારા આંક–૪ થી દાખલ કરેલ પ્રોટેસ્ટ પીટીશન મંજુર કરવામાં આવે છે.

(૨) હાલની આ સમરીને ક્રિમીનલ કેસ રજી.માં નોંધી અને આરોપી નં.(૧) વિરેન્દ્રસીંહ જાડેજા, (૨) રાજેશભાઈ સવજીભાઈ, (૩) શૈલેષભાઈ પ્રહલાદભાઈ, (૪) કિરીટભાઈ ગણેશભાઈ, (૫) દિગ્વિજયસીંહ હરદીપસીંહ, (૬) પ્રહલાદભાઈ પ્રભુભાઈ, (૭) મનુભાઈ ગોવિંદભાઈનાઓ વિરૂધ્ધ તા.૦૮/૦૮/૨૦૨૬ના રોજના સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ત.ક.અમલદારને એવો નિર્દેશ આપવામાં આવે છે કે, આરોપીઓને કેસની નકલો આપવા માટેની નકલો તા.૦૮/૦૮/૨૦૨૬ પહેલાં અત્રેની કોર્ટમાં રજુ કરવી.

(૪) ત.ક.અમલદારને કેસની નકલો પુરી પાડવા યાદી કરવી તથા એસ.પી.શ્રી, સુરેન્દ્રનગરનાઓને હુકમની નકલ મોકલવી.

હુકમ આજરોજ તારીખ ૧૮મી, માહે જુલાઇ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા:૧૮/૦૭/૨૦૨૬
સ્થળ:– પાટડી

**( કુ.પૃથુ શર્મા)**
જ્યુડી.મેજી.ફ.ક.,
પાટડી
કોડ નં.GJ 01564